અપીલ અરજી નં.૨૩૫ તા.૧૯–૧૧–૦૮

અરજદારઃ શ્રી રાજેશભાઈ જયંતીભાઈ પટેલ
સામાવાળાઃ ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી

**હુકમઃ–**

**વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી રાજેશભાઈ જયંતીભાઈ પટેલની તા.૧૦–૧૦–૦૮ ની અરજીથી તાલીમાર્થી ત્રીજીશ્રેણી કલાર્ક ભાગ્યેશકુમાર પી. ઘીવાળા કર્મચારી નં.૩૩૧૦૫ ને તાત્કાલીક અસરથી નોકરીમાંથી છુટા કરવા બાબતની માહિતી આપવા બાબત.**

**સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૧૯–૧૧–'૦૮ ની અપીલ અરજી નં.૨૩૫/૨૦૦૮–૦૯**

શ્રી રાજેશભાઈ જયંતીભાઈ પટેલની તા.૧૦–૧૦–૦૮ ની અરજીથી તાલીમાર્થી ત્રીજીશ્રેણી કલાર્ક ભાગ્યેશકુમાર પી. ઘીવાળા કર્મચારી નં.૩૩૧૦૫ ને તાત્કાલીક અસરથી નોકરીમાંથી છુટા કરવા બાબતની માહિતી આપવા બાબતે ડે.કમિશ્નર (પ.અને ઈ.) અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.જીએડી/ઈએસટી/૩૨૧૪ તા.૧૦–૧૧–૦૮ થી આપેલ માહિતી અધુરી અને ઉડાઉ હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૯–૧૧–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૮૦૫ તા.૨૧–૧૧–૦૮ ના રોજ ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી જાવક નં.જીએડી/ઈએસટી/૩૫૨૪ તા. ૮–૧૨–૦૮ થી અત્રેના વિભાગને માહિતી મળેલ છે.

અરજદારની તા.૧૦–૧૦–૦૮ ની અરજી બાબતે જાહેર માહિતી અીધકારીએ નં.જીએડી/ઈએસટી/૩૨૧૪ તા.૧૦–૧૧૦–૦૮ નાં રોજ માહિતી પૂરી પડાયેલ છે. ભાગ્યેશકુમાર ઘી. વાલાની વિરુધ્ધની અરજી એગેની વિગતવાર તપાસ કાર્યવાહી ચાલુ છે આ રીતે દફતરી માહિતી અરજદારને પૂરીપડાયેલ છે. અરજદારે અપીલ અરજીમાં માંગવામાં આવેલ માહિતીનો શું કાર્યવાહી કરવામાં આવી એવો સ્પષ્ટ સવાલ હોવા છતાં માહિતી આપવામાં આવેલ નથી. તથા કર્મચારીના વર્તણૂંક અને ગુજરાત સીવીલ સર્વીસ રૂલ્સ તથા સુરત મહાનગરપાલિકાના ઠરાવેલ નિતિ નિયમો બાબતે બિલકુલ જવાબ આપવામાં આવેલ નથી તેવી રજુઆત કરેલ છે. અરજદારે મુળ અરજીમાં કર્મચારીની વર્તણુંક અંગે તમામ રીપોર્ટ,મેમો ,શો–કોઝ,ચાર્જશીટ પ્રમાણિત નકલની માંગણી કરેલ છે જે અરજદારને પૂરી પાડવામાં આવેલ નથી કે તે અંગે અપવાદ હેઠળ ઈન્કાર પણ કરવામાં આવેલ નથી. જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરક માહિતીમાં "નોર્થઝોન ખાતેના ટેક. આસી. શ્રી પ્રફુલ બી. ઘીવાલાનું ચાલુ ફરજે અવસાન તથા મરહમના પુત્ર શ્રી રાજેશકુમારને રહેમરહે ત્રણ વર્ષના તાલીમાર્થી કલાર્ક તરીકે નિમણુંક આપવામાં આવેલી છે તે મુજબ તેઓ તા.૧૭–૧૦–૦૬ થી તાલીમાર્થી કલાર્ક તરીકે ફરજ બજાવે છે જેથી તેમને ફરજ મૌકુફ હેઠળ મુકી ખાતાકીય તપાસ યોજી શકાય તેમ નહીં હોવાથી તપાસની કાર્યવાહી ચાલુ છે તેવું જણાવે છે."

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૧૦–૧૦–૦૮ ની અરજીથી માંગ્યા મુજબની માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી વિગતવાર તપાસની કાર્યવાહી ચાલુ હોવાનું જણાવેલ છે જયારે તપાસ પૂર્ણ થાય પછી શિક્ષાત્મક પગલાની કાર્યવાહી હાથ ધરાય. આરટીઆઈ એકટની કલમ–૮ (એચ) અનુસાર તપાસની પ્રક્રિયા કે ઈન્સાફી કાર્યવાહી અવરોધે તેવી માહિતી જાહેર કરવું અપવાદ હેઠળ છે. જયારે કલમ–૮(આઈ) હેઠળ અધિકારીના વિચાર વિમર્શના કાગળો અંગેની માહિતી આખરી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી અપવાદ હેઠળ છે. જેથી વિગતવાર તપાસની પ્રક્રિયા પૂર્ણ થયેથી તેમજ તે અંગે સક્ષમ સત્તા ધ્વારા આખરી નિર્ણય લેવાય પછી દિન–૭ માં આ બાબતને સ્પર્શતી માહિતી અરજદારને આરટીઆઈ એકટની જોગવાઈ અનુસરી પૂરી પાડવા તથા અરજદારે માંગેલ માહિતી પ્રથમદર્શી ગુનો હોવા છતાં સસ્પેન્ડ કરવાની કાર્યવાહી કેમ કરવામાં આવેલ નથી તે અંગે કર્મચારીને લાગુ પડતાં નિયમો અને શરતોના પરિપ્રેક્ષ્યમાં હકીકતલક્ષી માહિતી હુકમની તારીખથી દિન–૭ માં આરટીઆઈની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે પૂરી પાડવા ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમને જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/ ૯૦૩
તારીખ :૨૯–૧૨–૦૮.

**ડે.કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**
(૧) ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી રાજેશભાઈ જયંતીભાઈ પટેલ,સુમન નર્સરી પાસે, ઉગતરોડ,જહાંગીરાબાદ,રાંદેર, સુરત.,.....તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારું.